ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૧.૦૭.૨૦૧૮**

## પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્ ખાતે પ્રદેશ બેઠકોનું આયોજન

## માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા તથા રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

પ્રદેશ ભાજપા મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક રાખવામાં આવેલ છે. જે બપોરે ૨.૦૦ કલાકે શરૂ થશે અને સાંજે ૪.૦૦ કલાકે પૂર્ણ થશે. આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ કોર ટીમના સભ્યશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ તેમજ જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રી-પ્રમુખશ્રી-મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

ઉપરાંત, પ્રદેશ બેઠક બાદ સાંજે ૪.૦૦ કલાકથી પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં ભાજપાના તમામ મોરચાના પ્રદેશ હોદ્દેદારશ્રીઓની બેઠક રાખવામાં આવી છે.

ઉપરોક્ત બેઠકોમાં જીલ્લા/મહાનગર તથા મંડલ સ્તર સુધી ભાજપા દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલ કાર્યક્રમોનું રીપોર્ટીંગ, કેન્દ્ર સરકારના પૂર્ણ થયેલ ૪ વર્ષ નિમિત્તે થયેલ વિવિધ કાર્યક્રમો, વિશેષ સંપર્ક અભિયાન, યોગ દિવસ, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ તથા કટોકટીના કાળા દિવસ નિમિત્તે કરવામાં આવેલ કાર્યક્રમોની સમીક્ષા-ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં વિવિધ આગામી કાર્યક્રમો જેમ કે, સુજલામ સુફલામ જળ અભિયાન દરમ્યાન ઉંડા કરેલ તળાવો અને ચેકડેમોના સ્થળો પર જળ પૂજનના કાર્યક્રમો, વૃક્ષારોપણ તેમજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે કરવાના કાર્યક્રમો બાબતે પણ આયોજન અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

આગામી લોકસભા-૨૦૧૯ ચૂંટણીના સંદર્ભમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન તેમજ સંગઠનાત્મક બાબતો વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

આ બેઠકો અગાઉ સવારે ૧૦.૩૦ કલાકે પ્રદેશના મુખ્ય આગેવાનોની બેઠક મળશે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ